# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી-અમરેલી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં 107 થી 111

ફોન અને ફેક્સ નં.(02792) 222936

e-mail: amrelideo@gmail.com

website: www.deoamreli.com,www.deoamreli.gov.in

તા.10/05/2022

NSS/ગ્રાન્ટ/સરન્ડર/2022-23/ પરીપત્ર નં : 67

પ્રતિ,

આચાર્ય/આચાર્યાશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાયનાન્સ માધ્યમિક તથા,

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

અમરેલી-૩૬૫૬૦૧.

વિષય: NSS ની બચત ગ્રાન્ટ જમા કરવા અંગે.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર:રસય/ટે.નં.૧/હિસાબો/૨૦૨૧/ ૧૩૮૭-૧૪૨૦, તા.૦૨-૦૨-૨૦૨૨.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આ કચેરી દ્વારા NSS યુનિટ ધરાવતી શાળાઓને નિયમિત પ્રવૃત્તિ અને ખાસ શિબિરની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટ જે તે સંસ્થાઓના સ્વયંસેવકો માટે NSS ની વર્ષ દરમ્યાન કુલ ૧૨૦ કલાક ની નિયમિત સેવા પ્રવૃત્તિ માટે તથા ખાસ શિબિર અંતર્ગત ગામડામાં સાત દિવસ રોકાઇને સેવા કાર્ય કરવા માટે ફાળવવામાં આવે છે. સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં કોવિડ-૧૯ મહામારી સંદર્ભે શાળાઓ સદંતર બંધ રહેલ છે. જેથી એન.એસ.એસ. ગ્રાન્ટ વણ ચુકવાયેલ રહેલ છે, આ ઉપરાંત અમુક શાળાઓમાં અગાઉના વર્ષની પણ વણચુકવાયેલ રકમ જમા રહેતી હોય છે.

આથી તમામ શાળાઓ કે જેમાં NSS યુનિટ હાલ કાર્યરત છે તથા અગાઉના વર્ષોમાં જે શાળાઓમાં કાર્યરત હતું પણ હાલ નથી તેવી તમામ શાળાઓ જેમની પાસે NSS ની ગ્રાન્ટ પડતર હોય તેઓને **"ગુજરાત સ્ટેટ એન.એસ.એસ. સેલ, સ્ટેટ એન.એસ.એસ.ઓફીસર, કમિશનર ઓફ હાયર એજ્યુકેશન, ગાંધીનગર"** ના નામજોગ ચેક અથવા ડી.ડી. નીચે મુજબના એડ્રેસ પર આ કચેરીની જાણ હેઠળ મોકલી આપવા જણાવવામાં આવે છે.

**સરનામું:**

રાજ્ય એનએસએસ અધિકારીશ્રી,

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

બ્લોક નં. 12/૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર.

જિલ્લા શિક્ષણાધિકારી

અમરેલી

d:\a\nss\paripatr.docx 5

Scanned with CamScanner